બે કેબીનેટ મંત્રીઓ બનતા ગાંધીનગરનો દિલ્હીમાં દબદબો

સે. ૨-ડી માં રહેતા મનસુખભાઈ માંડવીયા અને સે. ૩-ડીમાં રહેતા પુરૂષોત્તમ રૂપાલા કેબીનેટ મંત્રી બનતા અભિનંદનની વર્ષા

ગાંધીનગર, તા. ૮

કેન્દ્રિય મંત્રીમંડળના વિસ્તરણમાં રાજ્યના કોઈપણ શહેર કરતાં બેવડો લાભ ગાંધીનગરને થયો છે. ગાંધીનગરના જનજીવન અને જાહેર જીવન સાથે સંકળાયેલા બે મંત્રીઓને કેબીનેટ કક્ષાનું સ્થાન મળતા આનંદનું મોજુ પ્રસર્યુ છે. સેક્ટર-૨-ડીમાં રહેતા મનસુખભાઈ માંડવીયા દેશના આરોગ્યમંત્રી બન્યા છે જ્યારે સેક્ટર-૩-ડીમાં રહેતા પુરૂષોત્તમ રૂપાલા પશુપાલન અને ડેરી ઉદ્યોગ અને મસ્ત્યઉદ્યોગ વિભાગના કેબીનેટ મંત્રી બન્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા દોઢ દાયકાથી રહેતાં અને શહેરના જનજીવનમાં સતત પ્રવૃત્ત રહેતા બન્ને અગ્રણીઓ કેબીનેટમાં સ્થાન પ્રાપ્ત થતાં ગાંધીનગરને તો ડબલ ધમાકા જેવો લાભ મળ્યો..! મનસુખભાઈ માંડવીયા શહેરની અનેક સામાજીક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહિત કરતા હોય છે એટલું જ નહિ જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓના વિકાસમાં મુલાકાત લઈ માર્ગદર્શન અને સહયોગ આપતા હોય છે. એ જ રીતે રૂપાલા સાહેબ લોક સાહિત્યના અનેક કાર્યક્રમો શ્રોતા-વક્તા અને આયોજક તો રહે જ છે પણ સાથે સાથે સમગ્ર શહેરની સાંસ્કૃત પ્રવૃત્તિઓનો ખભો થાબડવાનું ક્યારેય ચુકતા નથી..! બન્ને નેતાઓ સામાજીક અને પક્ષીય પ્રવૃત્તિઓમાં સતત હાજરી આપતા હોય છે એટલુ જ નહિ પણ ઘણી વખત તો પહેલ પણ કરે છે. બન્નેની સાદગીપૂર્ણ જીવનશૈલી પાટનગરમાં અનેક કાર્યકરો માટે પ્રેરણારૂપ બની રહે તેવી છે. આમ કેબીનેટમાં બન્નેને મહત્વનું સ્થાન મળતાં ગાંધીનગરાઓ પોતીકાપણુ અનુભવાય છે.

ગાંધીનગર સહિત ૮ મહાનગરોમાં ૨૦મી સુધી રાત્રિ કરફયુ અમલી રહેશે

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં લેવાયા મહત્વપૂર્ણ નિર્ણયો

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના દૈનિક કેસોમાં થઈ રહેલા સતત ઘટાડા અને પ્રવર્તમાન સ્થિતીની પૂનઃસમીક્ષા કરીને કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતાની આ કોર કમિટીમાં લેવાયેલા નિર્ણયો મુજબ રાજ્યમાં હવે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગર એ આઠ મહાનગરોમાં જ રાત્રિ કરફયુનો અમલ કરાશે.

લગ્ન પ્રસંગ માટે ૧૫૦ વ્યક્તિઓ માટે મંજૂરી અપાશે : શાળા-કોલેજોની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓ ગાઇડલાઇનના પાલન સાથે યોજી શકાશે : ધોરણ-૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓ માટેના કોચિંગ-ટયૂશન કલાસીસ સ્થળની ક્ષમતાના ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે બેચ વાઇઝ શરૂ કરી શકાશે

અગાઉ આ આઠ મહાનગરો સહિત રાજ્યના ભૂજ, મોરબી, પાટણ, મહેસાણા, ભરૂચ, નવસારી, વલસાડ, અંકલેશ્વર અને વાપીમાં રાત્રી કરફયુ અમલમાં હતો તેમાંથી હવે આઠ મહાનગરો પૂરતો જ આ રાત્રિ કરફયુ અમલમાં રહેશે.

આ રાત્રિ કરફયુ તા.૧૦મી જુલાઈ-૨૦૨૧ના રાત્રે ૧૦ કલાકથી તા.૨૦ જુલાઈ-૨૦૨૧ના સવારે ૬ કલાક સુધીના સમય દરમિયાન દરરોજ રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી આ આઠ મહાનગરોમાં રહેશે.

શ્રી વિજયભાઈ રૂપાણી અને કોર કમિટીએ એવો પણ નિર્ણય કર્યો છે કે રાત્રિ કરફયુ અમલમાં છે તે શહેરોમાં તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ,

● અનુસંધાન પાન-૭ પર

મહત્વની છૂટછાટ...

- વાણિજ્ય એકમોના કર્મચારીઓએ ૩૧ જુલાઈ સુધીમાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે અન્યથા આવા વાણિજ્યિક એકમો ચાલુ રાખી શકાશે નહી
- રેસ્ટોરેન્ટ્સ રાત્રિના ૯ કલાક સુધી બેસવાની ક્ષમતાના મહત્તમ ૬૦% ક્ષમતા સાથે ચાલુ રહી શકશે
- જીમ ૬૦% ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે ચાલુ રાખી શકાશે
- જાહેર બાગ-બગીચાઓ રાત્રિના ૯ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લા રહેશે
- પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે
- સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો મહત્તમ ૬૦% કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે.
- રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમોમાં મહત્તમ ૨૦૦ વ્યકિત

કલોલમાં રોગચાળામાં વધુ એક મહિલાનું મોત

રાજ્યસ્તરની ટીમ સ્થિતિના અભ્યાસ માટે કલોલ પહોંચી, ૧૭ દર્દીને દાખલ કરાયા : આજે ૧૨૦ જેટલા કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૮

કલોલ શહેરમાં આજે પણ ઝાડાના ૧૨૦ જેટલા દર્દીઓ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન મળી આવ્યા છે. ગઈકાલે પણ વધુ એક મહિલા દર્દીનું મોત થતાં રોગચાળામાં અત્યાર સુધીનો મૃત્યુઆંક પાંચ પર પહોંચ્યો છે.

કલોલ શહેરમાં કોલેરાની સ્થિતિના અભ્યાસ માટે આજે રાજ્યકક્ષાની એક ઉચ્ચસ્તરીય ટીમ કલોલ પહોંચી હતી. રાજ્યના એપેડેમીક ડે. ડાયરેકટરના નેતૃત્વમાં ૪ અધિકારીઓની ટીમ કલોલ પહોંચી અને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

કલોલ શહેરમાં આજે પણ ૪૬ જેટલી ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. શહેરમાંથી આજે મળેલા દર્દીઓમાંથી ૮ જેટલા દર્દીના સ્ટૂલના સેમ્પલ લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. આજે મળેલા દર્દીઓમાંથી ૧૭ દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

તંત્રની ટીમો દ્વારા આજે પાણીના ૮ થી વધુ નમૂના મેળવી અને તેની ગુણવત્તાની ચકાસણી માટે ગાંધીનગર મોકલવામાં આવ્યા છે.

તંત્રએ સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે ખાણી-પીણીની હોટલો અને દુકાનો તેમજ લારીઓ બંધ કરાવી દીધી છે. આ ઉપરાંત ૨૪૮૭ ઓપીડી પણ શરૂ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરીને

સઘન બનાવવા ઉપરાંત શહેરમાં હજુ આકરા પગલાં આગામી દિવસોમાં લેવાય તેવુ મનાઈ રહ્યુ છે. તંત્રએ લોકોને પાણી ઉકાળીને પીવા માટે પણ સૂચનાઓ આપી છે.

દરમ્યાન નગરપાલિકા દ્વારા ૨૦ થી વધુ ટેન્કરો દ્વારા શહેરીજનોને પાણીનો જથ્થો પુરો પાડવામાં આવી રહ્યો છે. નગરપાલિકા દ્વારા ગટરોની સફાઈ અને પાણીના લિકેજીસને દુરસ્ત કરવા માટેની કામગીરી પણ વેગીલી બનાવી છે.

ટેન્કર દ્વારા પાણીનો જથ્થો આપવામાં આવતાં શહેરીજનો તેમને પુરતુ પાણી નહિ મળતુ

● અનુસંધાન પાન-૭ પર

શહેરના વાવોલ ગામે કોરોનાનો એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં કોરોનાનો ૩ દિવસ બાદ આજે એક કેસ નોંધાયો છે જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામેથી એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં આ કેસ સાથે હવે ૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. દરમ્યાન આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકાને પાર કરી ગયો હોવાનો તંત્રએ દાવો કર્યો છે.

ગાંધીનગર શહેરના ધોળાકુવા ગામે ઝાડા-ઉલ્ટીના ૧૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરને અડીને આવેલ ધોળાકુવા ગામે પણ આજે ઝાડા-ઉલ્ટીના કેસ મળી આવતાં મનપાનું આરોગ્યતંત્ર દોડતુ થયુ છે.

ધોળાકુવાના ઠાકોરવાસ, દંતાણીવાસમાં દૂષિત પીવાના પાણીના કારણે ઝાડા-ઉલ્ટીના કેસો સામે આવ્યા હોવાનું હાલ પ્રાથમિક તારણ આરોગ્યતંત્રનું છે.

આરોગ્યતંત્ર દ્વારા પરિસ્થિતિ પામી જઈ ત્યાં તાત્કાલિક ૧૦ જેટલી ટીમો ઉતારી અને સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવતા ૧૬ જેટલા દર્દીઓ મળી આવ્યા હતા. તંત્ર દ્વારા ૩૦૦ થી વધુ ઘરોને સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા છે. મળેલા કેસ ઉપરાંત ૫ જેટલા દર્દીઓએ પેટમાં દુઃખાવાની ફરિયાદ કરતાં તેમને ત્યાં જ સારવાર પણ આપવામાં આવી હતી.

તંત્ર દ્વારા ૫૦૦ જેટલા ઓઆરએસના પેકેટ તેમજ ૫ હજાર જેટલી ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કરી લોકોને પીવાનું પાણી ઉકાળીને જ પીવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ છે.

સર્વેલન્સ દરમ્યાન અહિ પાણીની ગટરલાઈન ઉભરાયેલી જોવા મળી હતી તેમજ પાણીની પાઈપલાઈનની ચકાસણી કરવા અને ગટરની સફાઈ માટે માર્ગ-મકાન વિભાગને લેખિતમાં સૂચના આપી સુપર ક્લોરીનેશન સાથે પાણી પુરવઠો આપવા તાકીદ કરવામાં આવી છે.

કલોલ શહેર પછી ગાંધીનગર શહેરમાં ઝાડા-ઉલ્ટીના કેસો દેખાતાં તંત્રની ચિંતા વધી છે.

નવા સેકટરોમાં પાણીની પોકાર બપોર થતા સુધીમાં જ ટાંકીઓ ખાલી થઈ ગઈ

સે-૫ માં પમ્પીંગ મશીનરીનુ કામ ચાલુતુ હોવાથી હજુ બે દિવસ પાણી ફોર્સથી નહીં આવે : બપોર થતા પાણીની ટાંકી ખાલી થતા ટેન્કરની પણ હોટ ડીમાન્ડ

ગાંધીનગર તા ૮

સે-૫ ના હેડવર્કસ ખાતે પમ્પીંગ મશીનરીમાં ટેકનિકલ ખામી સર્જાતા તંત્ર દ્વારા રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેના લીધે શહેરના નવા સેકટરોમાં આજે પાણીની પોકાર ઉઠવા પામી હતી. સેકટરોના કેટલાક મકાનોમાં પાણીની અડધી ટાંકી પણ ન ભરાતા રહીશોએ બપોરથી પાણી માટે વલખા મારવા પડયા હતા. હજુ બે દિવસ સુધી પાણી ફોર્સથી આવશે નહી જેના લીધે આજે સેકટરોમાં પાણીના ટેન્કરની પણ હોટ ડીમાન્ડ રહી હતી.

શહેરના નવા સેકટરોમાં આજે પાણીનો ફોર્સ તદન ઘટી ગયો હતો. સે-૫ના હેડ વર્કસ ખાતે પમ્પીંગ મશીનરીમાં ટેકનિકલ ખામી સર્જાઈ હોવાથી તંત્ર દ્વારા તેનુ રીપેરીંગ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે હજુ બે દિવસ નવા સેકટરોમાં પાણીનો સપ્લાય મંદ રહેશે તેમ પણ જણાંવાયુ છે. પરંતુ હજુ ગરમીના દિવસો ચાલી રહ્યા હોવાથી સેકટરોમાં આમ પણ પાણીનો ઉપયોગ વધુ થાય છે. ત્યારે આજે સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા રહીશોએ પારાવાર હાલાકી વેઠવી પડી હતી. સે-૩ થી ૬ ઉપરાંત સે-૧૨ અને સે-૧૩ માં પાણીની ટાંકી અડધી પણ ભરાઈ ન હતી. જેના લીધે બપોર થતા જ રહીશોના મકાનોની પાણીની ટાંકી ખાલી થઈ ગઈ હતી આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ ટેન્કર બોલાવી પાણી ઠાલવવા માટે મજબુર બન્યા હતા. સે-૫ ના હેડ વર્કસમાં સતત ત્રણ દિવસ સુધી કામગીરી ચાલવાની હોવાથી હજુ પણ બે દિવસ પાણી ફોર્સથી આવશે નહીં તે અંગે તંત્રએ અગાઉ થી જ જાહેરાત કરી સેકટરવાસીઓને પાણીનો વપરાશ ઓછો કરવા માટે જણાંવ્યુ હતુ. આડા દિવસોમાં પણ સેકટરોમાં પાણીનો બગાડ વિશેષ થાય છે. સરકારી કચેરીઓમાં પણ બિનજરૂરી પાણી વહેતુ હોવાનુ પણ ધ્યાને આવે છે. આવા સંજોગોમાં એકાદ દિવસ પણ પાણીનો ફોર્સ ઘટે ત્યારે સાચા અર્થમાં પાણીનો બગાડ અટકાવવા પણ સેકટરવાસીઓએ જાગૃત થવાની અનિવાર્યતા છે. આમ પણ ગાંધીનગરમાં સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ થતો હોવાનુ સર્વેના અંતે સ્પષ્ટ થયુ છે. જેથી સેકટરવાસીઓ છુટથી પાણી વાપરવા ટેવાયેલા છે. ત્યારે પાણીનો ફોર્સ ઘટે ત્યારે સ્થિતિ વધુ દયાજનક બને છે. નવા સેકટરોમાં પણ હાલ પાણીની પોકાર ઉઠવા પામી છે. બીજીતરફ કેટલાક ઠેકાણે સાવ પાણી ખલાસ થઈ જતા ટેન્કર મંગાવી કામ ચલાવામાં આવી રહ્યુ છે.

મરવાની હિંમત નથી અને જીવવાનો જોશ નથી રહ્યો

કાળમુખા કોરોનાના સમાજજીવન પર ઘેરા પ્રત્યાઘાતો : કોઇએ...પત્ની..કોઇ પતિ.. તો કોઇએ પુત્ર ગુમાવ્યો... માતાપિતાની છત્રછાયા પણ છીનવાઇ... પરંતુ અંતિમવિધીના પણ દર્શન ન થયા : વર્ચ્યુઅલ મોડના લીધે લાગણીનો ઉભરો હજુ ઠલવાયો નથી, મૃત્યુનો શોક હજુ ઉતર્યો નથી

ગાંધીનગર તા ૮

મરવાની હીંમત નથી.. અને જીવવાનો જોશ રહ્યો નથી....છેલ્લા દોઢ વર્ષથી કાળમુખા કોરોનાએ દેશ દુનિયાને ગિરફતમાં લીધી છે. દરેક નાગરિક કોરોનાના કહેરથી વ્યથિત અને ભયભીત છે. કોરોનાની પ્રથમ લહેર બાદ બીજી લહેર જન આરોગ્યની સાથે સમાજ જીવનની તંદુરસ્તી માટે પણ ઘાતક પુરવાર થઈ છે. બાળકને કઈ રીતે મોટો કરવો... પતિ વિના ... જીવન કેમ જીવવુ .. માતા પિતાની છત્રછાયા છીનવાઈ ગઈ..ઘરમાં કોઈ પુરુષ જ રહ્યુ નથી.. કાતિલ કોરોનાનુ કાળચક્ર ફરી વળતા દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયેલા પરિવારોના જીવન દીશા શુન્ય બની ગયા છે.કાળમુખા કોરોનાના લીધે આમ નાગરિકોના જીવનમાં નિરસતાના વાદળો છવાયા છે. આ કપરા સંજોગોમાં માનસિક બિમારીઓનુ પ્રમાણ પણ વધ્યુ છે. માનસિક બિમારી માટે સારવાર લેતા દર્દીઓની હાલત તો વધુ કફોડી બની છે. ત્યારે નવા દર્દીઓની સંખ્યા પણ વધી છે. શહેરના જાણીતા મનોચિકિત્સક ડો ગૌરાંગ થાનકીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સામાન્ય રીતે વસતીની સાપેક્ષમાં ૧૫ ટકા નાગરિકો કોઈપણ પ્રકારની માનસિક બિમારીથી પ્રભાવિત હોય છે. પરંતુ કોરોનાકાળમાં ગાંધીનગર શહેરમાં જ માનસિક બિમારી ધરાવતા દર્દીઓની સંખ્યામાં ૫ ટકાનો વધારો થયો છે.

કોરોનાથી પીડીત પરિવારો નિરસતામાં ગરકાવ સ્વજન ગુમાવ્યા બાદ પરિવારના સભ્યો દીશાશુન્ય બન્યા : કોરોના કાળમાં માનસિક રોગના દર્દીઓની સંખ્યામાં ૫ ટકાનો વધારો : ડો ગૌરાંગ થાનકી

હાલ પણ કોરોના હજુ ગયો નથી. ત્રીજી લહેરના ભણકારા સાથે સૌ કોઇ ભયભીત છે. ત્યારે કોરોના કેસ ન હોય ત્યારે પણ સાવચેત રહેવુ અનિવાર્ય છે

ઘાતક પુરવાર થયેલી કોરોનાની બીજીલહેરના અંતે શહેરીજનોના માનસ પર અત્યંત ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. નગરજનો " એક્યુટ સ્ટ્રેસ ડીસઓર્ડર " અલબત્ત સહનશક્તિથી વધુ સ્ટ્રેસ ભોગવી રહ્યા છે. જયારે સારવાર માટે

● અનુસંધાન પાન-૭ પર

વિધવા મહિલાની ચિંતા, બાળકને કેમ મોટો કરવો..

કોરોનાની બીજીલહેર દરમિયાન વિધ્વા બનેલી મહીલા સતત ચિંતામાં ગરકાવ થયેલી રહે છે. પતિની વિદાય બાદ બાળકને કેમ મોટો કરવો તે વાત તેને કોરી ખાય છે. ઘરમાં મુખ્યમાણસને જ કોરોના ભરખી ગયો છે. સાસુ સસરા સાથ આપે છે. પરંતુ મુખ્યમાણસની ગેરહાજરી સતત ખુંચતી રહે છે...જીવવાની હીંમત રહી નથી.

મારા પતિ બહુ રમુજી હતા..

મારા પતિ બહુ પ્રેમાળ અને રમુજી હતા... તેમના મૃત્યુ બાદ ઓફિસ સ્ટાફના માણસો પણ આવતા નથી. તેમને બીજે નોકરી લઈ લીધી ...પરંતુ અમે નિરાધાર સ્થિતિમાં આવી ગયા છીએ ..નોકરી હોય તો બીજી પણ મેળવી શકાય...

પત્ની ગુમાવનાર વડીલને ઘરે આવવુ જ ગમતુ નથી..

એક વડીલને પત્નીને ગુમાવ્યા બાદ ઘરે જવુ ગમતુ નથી. ખેતરમાંથી ઘરે પરત આવવાનુ મન થતુ નથી ઘર ખાલી લાગે છે.. ખાવાનુ મન થતુ નથી અને ઘર જ ખાવા દોડે છે..૪૫ વર્ષનો સાથ છુટી જતા માનસપટ પર વિતેલા ક્ષણોની યાદો સતત આંખોને ભીની રાખે છે.

જાહેર નિવિદા

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગે

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડની કચેરીમાં વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) માસીક તથા ઓન--કોલ ધોરણે પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૩૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૧૬-૦૭-૨૦૨૧ સુધીમાં ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ, બ્લોક નં.૧૮, ૯મો માળ, ઉધોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગરની કચેરી ખાતેથી અરજી સાથે રોકડા અથવા ગુજરાત ઈન્ફ્રસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડના નામનો રૂ.૧૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત કચેરીને તા. ૨૬-૦૭-૨૦૨૧ના રોજ ૪:૦૦ કલાક સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા મળી જાય તેમ મોકલવાના રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈ પણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

સ્થળ : ગાંધીનગર — ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર
તા: ૯/૭/ ૨૦૨૧ — ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com